જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૧૯૬ લીટર દેશી દારૂ, ૩૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૨૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૨૧/૧૬

**કાલુપુર** : મુકેશ ઇશરદાસ વાર્લાની (ઉ.વ.૪૫)(રહે,સુદામા હોમ્સ નંદીગ્રામ નરોડા) એ તા.૧૫/૧૨/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૧૫ થી માહે મે/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી જેઠમલ પંમ્વટીયા (રહે,મેસીહા મંદિરની પાછળ, બંગલાનગર બીકાનેર રાજસ્થાન તથા પહેલો માળ જીલ્માનીપુરા બેગમબજાર હૈદરાબાદ) નાએ મુકેશભાઇની રેવડી બજાર ખાતે આવેલ એ.સી.માર્કેટની દુકાન નંબર ૩૨ માંથી રેડીમેડ કાપડનાં માલનાં જુદા-જુદા બીલો પૈકી રૂપીયા ૧,૬૨,૯૬,૨૫૫/- મતાનાં માલના રૂપિયા નહિં ચુકવી, મુકેશભાઇ તથા અન્ય સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૩૨૨/૧૬

**સરદારનગરઃ** રણજીતસિંહ નારણસીંહ રાઠોડ (રહે, ઓજોન સીટી, આઈ.ટી.આઈ ગેલેક્ષી અંડરબ્રીજ પાસે કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૧૬ બપોરના ૧/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી (૧) સોનાની પટ્ટી ડીઝાઈનવાળી પેંડલ સાથેની ચેઇન (૨) સોનાનો રજવાડી હાર (૩) સોનાનું મંગળસુત્ર (૪) સોનાની બંગડી નંગ-૪ (૫) સોનાની ચાર અંગુઠી (૬) એક જોડ સોનાની કાનની બુટ્ટી (૭) બે જોડ ચાંદીની પાયલ (૮) ટાઇટન કંપનીની ગોલ્ડ પ્લેટેડ લેડીઝ ઘડીયાળ અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રુપિયા ૩,૦૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૨૩/૧૬</u>**

**કાગડાપીઠ**: ફેનિલ મહેન્દ્રભાઇ શાહ (રહે. નવા રસ્તા સુરદાર શેઠની પોળ, માંડવીની પોળ આસ્ટોડીયા) એ તા.૧૫/૧૨/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૬ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે રાયપુર દરવાજા બહાર, બીગ બજાર મોલ સામે આવેલ શનિ મંદિર નજીકથી પોતાનો સેમસંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૬,૬૫૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**ઓઢવ** : વિષ્ણુપ્રસાદ બાબુલાલ કુમાવત (પટેલ) (રહે.ગામ.સંજયનગર પોસ્ટ બાવડીયા તા.જી.દેવાસ ઉતરપ્રદેશ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૬ નાં કલાક ૫/૦૦ થી ૫/૨૦ વાગ્યા દરમ્યાન ઓઢવ રીંગ રોડ ઉપર તિરૂપતિ હોટલની બાજુમા ગેરેજ સામે રોડ ઉપર ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ પોતાની આઇસર ગાડી ઉપરની તાડ પતરી તથા દોરડુ કાપી, અજાણી વ્યક્તિએ તાડપતરી ખોલી, ગાડીનાં પાછળના ભાગેથી વિમલ પાન મસાલાના બે થેલામાં મુકેલ ચાર બોક્ષ કુલ કિંમત રૂપિયા ૩૪,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રભાઇ રામાભાઇ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૨૪/૧૬</u>**

**નારણપુરા** : નરસીંહ મોતીજી વણઝારા (રહે, જય ચામુંડાની ચાલી, ભીમજીપુરા રોડ જુના વાડજ) એ તા.૧૩/૧૨/૧૬ સાંજનાં ૬/૦૦ થી તા.૧૪/૧૨/૧૬ રાતનાં ૮/૦૦ સુધીનાં સમયગાલા દરમ્યાન જુનાવાડજ દેવસ્ય હોસ્પીટલની સામે આવેલ મ્યુનિસીપલ કોર્પો.ઓફીસની બાજુમાં રોડ ઉપર પોતાની ટાટા આઇવા ગાડી નંબર જીજે.૦૧.સી.એક્સ.૯૧૦૦ કિંમત રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૨૫/૧૬</u>**

**રામોલ** : જીણાભાઇ બચુભાઇ કાસકીયા (ઉ.વ.૧૯)(રહે, ઇન્દિરાનગર, રતનપુરા ગામ પાસે, રામોલ) એ પોતાની માનસીક બીમારીનાં કારણે તા.૧૫/૧૨/૧૬ રાતના ૯/૧૦ પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશકુમાર મણીલાલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)